# રાજ્યમાં સરેરાશ ૫૬ ટકા વરસાદ

| વિસ્તાર | વરસાદ | વિસ્તાર | વરસાદ | વિસ્તાર | વરસાદ |
|---|---|---|---|---|---|
| ખેરગામ | ૯૩એમએમ | ચીખલી | ૯૧એમએમ | તાલાલા | ૭૧એમએમ |
| વઘઈ | ૬૭એમએમ | પારડી,ઉમરગામ,સતલાણા | ૬૬એમએમ | ગણદેવી | ૬૫એમએમ |
| થાનગઢ | ૬૪એમએમ | વલસાડ | ૬૧એમએમ | વાંસદા,મોડાસા | ૫૪એમએમ |
| લખપત | ૫૨એમએમ | માતર,છોટા ઉદેપુર | ૫૦એમએમ | વેરાવળ | ૫૧એમએમ |
| સાયલા | ૪૭એમએમ | ભુજ,વ્યારા | ૪૬એમએમ | ડાંગ | ૪૫એમએમ |
| દસક્રોઈ | ૪૪એમએમ | ડોલવણ | ૪૩એમએમ | માળિયા,કપડવંજ | ૪૨એમએમ |
| મહુવા | ૪૦એમએમ | નવસારી,વડાલી | ૩૯એમએમ | વાલોડ,મેઘરજ | ૩૮એમએમ |
| ઉના | ૩૭એમએમ | મહેમદાવાદ,સુબીર | ૩૭એમએમ | ધનસુરા | ૩૬એમએમ |
| સિનોર, માલપુર | ૩૪એમએમ | વિસાવદર, અબડાસા, તિલકવાડા,ઈડર | ૩૫એમએમ | અંકલેશ્વર,ઝઘડિયા | ૩૩એમએમ |
| કેશોદ, નાંદોદ | ૩૨એમએમ | મુળી,સાગબારા | ૩૦એમએમ | ચોર્યાસી,પલસાણા, જાંબુઘોડા, બોડેલી | ૨૯એમએમ |
| ગીર ગઢડા | ૨૮એમએમ | માંગરોળ,સંખેડા | ૨૬એમએમ | ડભોઈ, ખેડા | ૨૫એમએમ |

## દક્ષિણ ગુજરાત ઝોનમાં ૭૧.૮૮ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૫૬.૬૧ ટકા, પૂર્વ ગુજરાતમાં ૪૩.૭૨ ટકા વરસાદ નોંધાયો

વલસાડ, તા.૧૬

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૫૬ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકામાં સૌથી વધુ ૫ ઈંચ વરસાદ સહિત રાજ્યના અન્ય ૩૯ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ સામે આવ્યા છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ, આજે તારીખ ૧૬ જુલાઈ ૨૦૨૨ના રોજ સવારે ૬:૦૦ કલાક પુરા થતાં ૨૪ કલાક દરમિયાન ધરમપુર તાલુકામાં ૧૪૦ એમએમ અને કપરાડા ખાતે ૧૨૭ એમએમ મળી કુલ ૨ તાલુકાઓમાં ૫ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે.

નોંધનીય છે કે, રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૫૬ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૦૧.૭૯ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૭૧.૮૮ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૫૬.૬૧ ટકા, પૂર્વ ગુજરાતમાં ૪૩.૭૨ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૩૯.૯૧ ટકા કુલ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ છે.



વોર્ડ નં. ૧૧માં આવેલા કોટેશ્વર ગામમાં વરસાદના કારણે ગંદકી ફેલાયેલી જોવા મળી રહી છે. અક્ષર હેબીટેટની બાજુમાં વરસાદી પાણીના ખાડા ભરાયેલા જોવા મળી રહ્યા છે. ખાડામાં માટીનું પુરાણ થવુ જરૂરી છે.

### સરકાર પાસે સહાયની માંગ કરવામાં આવી

# તાપીમાં ભારે વરસાદથી પાકને નુકસાન

## તાપી જિલ્લામાં છેલ્લા ૫ દિવસમાં થયેલા અતિ ભારે વરસાદના કારણે તાપીના નદી પટાના ગામો પ્રભાવિત

તાપી, તા.૧૬

તાપી જિલ્લાના અંતરીયાળ વિસ્તારમાં નદી પટ પર આવેલા અંદાજિત ૨૫ થી ૩૦ જેટલા ગામોને પુણા નદીમાં પૂર આવવાને કારણે પરિસ્થતિ ગંભીર થઈ છે. જેને લઈને તાપી જિલ્લાના આબાપાણી ગામ પૂર્ણા નદીએ તબાહી મચાવી હતી. પુણા નદીના કિનારે વસવાટ કરતા લોકો પૂરથી પ્રભાવિત થયા છે. ભારે વરસાદને કારણે ખેડૂતોને નુકસાન થયું છે. તાપી જિલ્લામાં છેલ્લા ૫ દિવસમાં થયેલા અતિ ભારે વરસાદના કારણે તાપી જિલ્લાના નદી પટાના ગામો પ્રભાવિત થયા હતા. જેમાં વરસાદના કારણે જે નદી કિનારાના ખેતરોમાં નદીના પાણી ફરી વળ્યા હતા સાથે હાલ વરસાદે વિરામ લેતાં નદીનાં પાણી ઓસરવા ની સાથે નુકસાની દ્રશ્યો સામે આવી રહ્યા છે. પૂરેપૂરા ખેતરો હાલ પાણીમાં ગરકાવ થયા હતા. જે ખેડૂતોએ પકવેલો પાક નિષ્ફળ જવાની સાથે ખેડૂતોએ ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

ત્યારે જે નદી કિનારાના જે ખેતરો છે તેમાં ૧૫૦ થી વધુ હેક્ટરમાં નદીના પાણી ભરવાના સાથે પાકો ધોવાઈ ગયા હતા. જેમાં શેરડી, ડાંગર જેવા પાકો તો સંપૂર્ણપણે પાણીમાં ધોવાઈ જવાની સાથે ખેડૂતોને ભારે પ્રમાણમાં નુકસાની થઈ હતી. હાલની વાત કરે તો હાલ પણ ખેડૂતો પોતાના પાકને બચાવવા માટે જહેમત કરી રહ્યા છે.

વાત કરીએ તો જે નદી કિનારેના ગામમાં રહેતા લોકોના ઘરો પણ તણાઈ ગયા હતા. જેમાં આજે અમારી ટીમે મુલાકાત કરી હતી જ્યાં ચિચબરડી ગામના ગંજીભાઈ ગામીત સાથે મુલાકાત દરમિયાન તેમની વેદના વ્યક્ત કરતા કહ્યું કે તેમનું ઘર પૂના નદી કિનારે આવેલું છે. જે પાણીના પ્રવાહમાં પૂરેપૂરું ધોવાઈ જવાની સાથે આજે બે ઘર બન્યા છે. લોકોએ સરકાર પાસે સહાયની પણ માંગ કરી છે.

### ગુજરાતના હજારો યુવાનો માટે ખુશીના સમાચાર

# લોકરક્ષક ભરતી-૨૦૧૮નું વેઈટિંગ લિસ્ટ જાહેર કરાયું

## આઈપીએસ અધિકારી વિકાસ સહાયે ટ્વીટ કરી માહિતી આપી

ગાંધીનગર, તા.૧૬

એલઆરડીનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરવાની માંગને લઈને છેલ્લા ઘણા સમયથી વિરોધ પ્રદર્શન કરી રહેલા ઉમેદવારો માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે.લોકરક્ષક ભરતી-૨૦૧૮ની પરીક્ષાનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. લોકરક્ષક કેડર-૨૦૧૮ ભરતી અન્વયે પુરૂષ ઉમેદવારો માટે ૧૦ડિસેમ્બર ૨૦૧૯ના રોજ જાહેર આખરી પરિણામ તેમજ મહિલા ઉમેદવારો માટે ૨૪ એપ્રિલ ૨૦૨૦ના રોજ જાગેર આખરી પરિણામમાં સામેલ ન થયા હોય તેવા ઉમેદવારોની મેરીટ યાદીને ધ્યાનમાં રાખી વેઈટિંગ લિસ્ટ જાહેર કરાયું છે. પોલીસ ભરતી બોર્ડે જાહેર કરેલા વેઈટિંગ લિસ્ટ પ્રમાણે ૧૩૨૭ પુરૂષોને આ વેઈટિંગ લિસ્ટમાં જગ્યા મળી છે. જ્યારે ૧૧૧૨ મહિલાઓને આ વેઈટિંગ લિસ્ટમાં સ્થાન મળ્યું છે. નોંધનીય છે કે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ વિદ્યાર્થીઓની માંગણીને ધ્યાનમાં રાખી વેઈટિંગ લિસ્ટ જાહેર કરવાની બાંહેધરી આપી હતી. લોકરક્ષક ભરતી લિસ્ટ ઓપરેટ કરવા બાબતે ગૃહરાજ્ય મંત્રીએ કહ્યુ કે, ૨૦૧૮ માં કુલ ૧૨૧૯૮ જગ્યા ભરતી માટે પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ૨૦૨૦ માં પરિણામ જાહેર થયું હતું. ત્યારે વેઈટીંગ લિસ્ટ ન હતું. ઉમેદવારોની લાગણી અને માંગણી હેઠવ વેઈટીંગ લિસ્ટનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી યુવાનોને રોજગાર મળશે. પોલીસ અને પબ્લિકના રેશિયોમાં ઘટાડો થશે.

## ભારતની સૌથી મોટી ક્વિઝ ‘ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ’ના પ્રથમ અઠવાડિયામાં બહોળો પ્રતિસાદ

ગાંધીનગર, તા.૧૬

શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતું કે, ‘જાણશે ગુજરાત, જીતશે ગુજરાત’ના અભિગમ સાથે રાજ્યમાં ગત તા.૭ જુલાઈથી શરૂ થયેલી દેશની સૌથી મોટી ક્વિઝ ૨૩ઊ ‘‘ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ’’ને ગુજરાતના વિદ્યાર્થીઓ અને પ્રજાજનો દ્વારા ખૂબ જ બહોળા પ્રમાણમાં પ્રતિસાદ મળ્યો છે. માત્ર ૧૦ દિવસના ટૂંકા સમયમાં આ ક્વિઝ માટે ૧૮ લાખથી પણ વધુ રજિસ્ટ્રેશન થયા છે જે એક રેકોર્ડ સમાન છે. ભૂતકાળમાં કોઈ પણ ક્વિઝ સ્પર્ધામાં ૧૦ દિવસ જેટલા ટૂંકા ગાળામાં આટલા રજિસ્ટ્રેશન નોંધાયા નથી.

મંત્રીશ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, સતત ૯ અઠવાડિયા સુધી તાલુકા અને વોર્ડ કક્ષાએ ચાલનાર આ ક્વિઝ અભિયાનના પ્રથમ અઠવાડિયામાં જ ચાર લાખથી વધુ સ્પર્ધકોએ ભાગ લઈ રેકોર્ડ સર્જ્યો છે. જેમાં શાળા કક્ષાએ ૨,૯૭,૦૦૦ થી વધુ, કોલેજ કક્ષાએ ૫૨,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓ સિવાય પણ ગુજરાતના ૫૦,૦૦૦ થી વધુ નાગરિકો આ ક્વિઝ રમ્યા હતા.

મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, ૯ અઠવાડિયા ચાલનારી G3Q ક્વિઝ દર અઠવાડિયે રવિવારથી શુક્રવાર દરમિયાન રમાશે જેના વિજેતા શનિવારના રોજ જાહેર કરવામાં આવશે.

ત્યારે પ્રથમ અઠવાડિયામાં જે ક્વિઝ રમાઈ તેમાં શાળા કક્ષાએ ૩,૯૭૦ અને કોલેજ કક્ષાએ ૨,૫૪૦ મળી કુલ ૬,૫૧૦ વિજેતાઓ આજે તા.૧૬મી જુલાઈ શનિવારના રોજ જાહેર થયા છે. જે g3q.co.in વેબસાઈટ પર જોઈ શકાશે. વિજેતાઓ ઉપરાંત ક્વિઝમાં ભાગ લીધો હોય તે ચાર લાખથી વધુ સ્પર્ધકોને ડીજીટલ પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. પ્રથમ અઠવાડિયામાં ભાગ લીધો હોય અને જીત્યા નથી તેવા સ્પર્ધકો બીજા અઠવાડિયામાં એમાં ફરી ભાગ લઈ શકશે.



પાણીના તળ ઉંચા આવે તે માટે સેક્ટરોમાં ઠેર ઠેર રીચાર્જ વેલ બનાવવામાં આવ્યા છે. પરંતુ રીચાર્જ વેલ જ્યાં બનાવવામાં આવ્યા છે તેનુ લેવલીંગ જળવાતુ ન હોવાથી અને ત્યાં સુધી પાણી પહોંચે તેવો માર્ગ ન હોવાથી રીચાર્જ વેલની આસપાસ પાણીના ખાબોચિયા ભરાઈ રહે છે. વરસાદ શરૂ થાય તે પહેલા રીચાર્જ વેલ સુધી વરસાદી પાણી જાય તેવી નીક બનાવવી જરૂરી છે. નહીં તો રીચાર્જ વેલ બીન ઉપીયોગી બની રહેશે.

### કોરોનાના સૌથી વધુ કેસ અમદાવાદ શહેરમાં નોંધાયા

# રાજ્યમાં કોરોનાના ૭૭૭ નવા કેસ નોંધાયા

## આજે ૧ લાખ ૭૯ હજાર ૯૩૧ લોકોને રસીના ડોઝ અપાયા

ગાંધીનગર, તા.૧૬

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના નવા ૭૭૭ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાની સારવાર બાદ ૬૨૬ લોકો સાજા થયા છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોનાને લીધે ૧૦૯૫૪ લોકોના મૃત્યુ થયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ અમદાવાદ શહેરમાં નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૩૦૬ કેસ, સુરત શહેરમાં ૭૫, મહેસાણામાં ૪૪, વડોદરા શહેરમાં ૪૩, સુરત ગ્રામ્યમાં ૩૮, પાટણમાં ૩૩, ગાંધીનગર શહેરમાં ૨૬, ગાંધીનગર ગ્રામ્ય ૨૨, રાજકોટ શહેર ૨૨, ભાવનગર શહેર ૨૦, કચ્છ ૧૮, વલસાડ ૧૩, ભાવનગર ૧૧, સાબરકાંઠા ૧૧, નવસારી ૧૦, રાજકોટ ૧૦, વડોદરા ૧૦, દ્વારકા ૯, જામનગર શહેર ૮, અમરેલી ૭, આણંદ ૭, ખેડા ૬ કેસ સામે આવ્યા છે. તો રાજકોટમાં એકનું મોત થયું છે.

રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસ ૪ હજાર ૬૩૨ છે. જેમાં પાંચ દર્દી વેન્ટીલેટર પર છે. કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી રાજ્યમાં ૧૨ લાખ ૨૬ હજાર ૫૦૧ લોકો સાજા થયા છે. તો કોરોનાને કારણે ૧૦૯૫૪ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૮.૭૫ ટકા છે.

ગુજરાતમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને પ્રિકોશન ડોઝ ફ્રી આપવાની શરૂઆત થઈ છે. ફરી રસીકરણ સેન્ટર પર લોકો પ્રિકોશન ડોઝ લેવા માટે લાઈન લગાવી રહ્યાં છે. રાજ્યમાં આજે સાંજે પાંચ કલાક સુધીમાં ૧ લાખ ૭૯ હજાર ૯૩૧ લોકોને રસીના ડોઝ અપાયા છે. આમ ગુજરાતમાં અત્યાર સુધી કુલ રસીના ૧૧ કરોડ ૨૪ લાખ ૫૧ હજાર ૩૮૦ ડોઝ આપવામાં આવ્યા છે.

### ગુજરાતની બદનામી મામલે રાજકારણ ગરમાયું

# રાજકીય લાભ ખાટવા પિતાનું નામ ઊછાળાયું : મુમતાઝ પટેલ

## ૨૦૨૭ની ચૂંટણી પહેલાં પણ ફરી કોઈ મુદ્દો ઊભા કરીને તેમના પિતાનું નામ ઊછાળાશે : અહેમદ પટેલની પુત્રી

અમદાવાદ, તા.૧૬

ગુજરાતને બદનામ કરવા મામલે સીટના સોગંદનામામાં ભારે મોટા ખુલાસાઓ કરવામાં આવ્યા છે. એસઆઈટીના સોગંદનામાને આધાર બનાવીને ભાજપના પ્રવક્તા સાંબિત પાત્રાએ પણ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. ત્યારે હવે આ સમગ્ર મુદ્દે અહેમદ પટેલની દીકરી મુમતાઝ પટેલની પ્રતિક્રિયા સામે આવી છે.

એક ટેલિફોનિક ઈન્ટરવ્યુ દરમિયાન મુમતાઝ પટેલે કહ્યું હતું કે, ’૨૦૧૨ની ચૂંટણીમાં અહેમદ મિયાં પટેલ કરીને મારા પિતાને સીએમ ઉમેદવાર કહેતા હતા, ૨૦૧૭માં હોસ્પિટલમાં એક આતંકવાદીનો મુદ્દો ઉછાળ્યો, ચૂંટણી બાદ તે ક્યાં ગયા? હવે ૨૦૨૨ની ગુજરાતની ચૂંટણી છે તો ફરી કારણ વગર મારા દિવંગત પિતાનું નામ રાજકારણમાં ઉછાળી રહ્યા છે, કદાચ તેમનું નામ ૨૦૨૭માં પણ ઉછાળશે.’ એસઆઈટીના સોગંદનામામાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તિસ્તા સહિતના આરોપીઓએ પોતાના બદઈરાદાઓ પાર પાડવા અને આર્થિક, રાજકીય તેમ જ અન્ય લાભો ખાટવા માટે કાયદાકીય પ્રક્રિયાનો દૂરૂપયોગ કરી બહુ મોટું કાવતરૂ રચ્યું હતું.

કોંગ્રેસ પાર્ટીએ એસઆઈટીના એ દાવાનું ખંડન કર્યું છે જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે, તિસ્તા, રિટાયર્ડ ડીજીપી આરબી શ્રીકુમાર તથા પૂર્વ આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટે દિવંગત અહેમદ પટેલના ઈશારે ગુજરાત સરકારને અસ્થિર કરવા પ્રયત્ન કર્યો હતો. અહેમદ પટેલ તે સમયે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના સલાહકાર હતા. કોંગ્રેસી નેતા જયરામ રમેશે આ આરોપોને મેન્યુફેક્ચર્ડ ગણાવ્યા છે. તેમના કહેવા પ્રમાણે આ બધું ૨૦૦૨માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કરવામાં આવેલા સાંપ્રદાયિક નરસંહારની તમામ જવાબદારીઓમાંથી પોતાની જાતને મુક્ત કરવા માટેની વડાપ્રધાનની વ્યવસ્થિત રણનીતિનો હિસ્સો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સાંબિત પાત્રાએ જણાવ્યું કે, એસઆઈટીના સોગંદનામાથી સચ્ચાઈ સામે આવી ગઈ છે કે, એ કોણ લોકો હતા જે આ ષડયંત્રની પાછળ હતા. અહેમદ પટેલના ઈશારે તિસ્તા સેતલવાડ અને અન્યએ ગુજરાત સરકારને અસ્થિર કરવા ષડયંત્ર રચ્યું હતું. અહેમદ પટેલ તો બસ એક નામ હતું, જેની પ્રેરક શક્તિ તેમના બોસ સોનિયા ગાંધી હતા.

એસઆઈટીએ કોર્ટમાં જે સોગંદનામુ રજૂ કર્યું હતું તેમાં કહેવામાં આવ્યું છે કે, તિસ્તા સેતલવાડ અને તેમના સહયોગી માનવતા અંતર્ગત નહીં પરંતુ રાજકીય ઉદ્દેશ્યો સાથે કામ કરતા હતા. તેમના ૨ ઓબ્જેક્ટિવ હતા-

૧. ગુજરાતની ત્યારની સરકારને અસ્થિર કરવામાં આવે

૨. તેમાં નિર્દોષ લોકોને સામેલ કરવામાં આવે, જેમાં નરેન્દ્ર મોદીનું નામ પણ સામેલ છે.

## સંકલનમાં પડઘાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે કહ્યુ કે નવી ટેકનોલોજી અંગે સરકાર વાતો કરતાં થાકતી નથી પણ અહિ ખેડૂતોની હાલત કેટલી દયનીય તેમના તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે તેની તેમને ખબર જ નથી.

તેમણે વ્હાઈટહાઉસનો મુદ્દો પણ આ બેઠકમાં ઉપસ્થિત કર્યો હતો.

જિલ્લા કલેક્ટર આર્યએ ઓ.એન.જી.સી.ના આ વલણ સામે નારાજગી વ્યક્ત કરી હતી એટલુ જ નહિ પુરતી વિગતો સાથે અધિકારીઓ આવ્યા ન હોવાથી આ બાબત આવતી બેઠક સુધી મુલ્તવી રાખી હતી.

આજની આ બેઠકમાં કોંગ્રેસના ત્રણે ધારાસભ્યોએ ઓ.એન.જી.સી.ના વલણ અંગે રજુઆતો કરી હતી. ખેડૂતોને થઈ રહેલા નુકશાન સામે જિલ્લાતંત્રએ રક્ષણ આપવુ જોઈએ તેવી લાગણી જણાવી હતી.

## ૨૦૨૦ની પેટર્ન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે તેમજ શ્રમિકોની અછત પણ ખેડૂતોની ચિંતાનો મુદ્દો બન્યા છે.

દરમ્યાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાનના અંક નં. ૩૧માં જણાવ્યા પ્રમાણે ૧૬ જુલાઈથી ૨૦ જુલાઈ દરમ્યાન આકાશ મોટા ભાગે વાદળછાયુ રહેશે અને છુટી છવાઈ જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા હોવાનું જણાવ્યુ છે.

મહત્તમ તાપમાન ૩૨ થી ૩૫ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૨ થી ૮૫ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૪.૨૧ કિ.મી. પ્રતિ કલાક દક્ષિણ-પશ્ચિમ દિશામાં રહેવાની શક્યતા છે તેમ જણાવાયુ છે.